શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

પરશુરામ

નાટકનાં ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર

નકુભાઈ કાલુભાઈ શાહ.

માલેક:-શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા શ્રી "શંકર" પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ કુબેરદાસે છાપી.

કીંમત રૂા. ૦-૨-૦

श्री આર્ય નૈતિક નાટક સમાજ.

પરશુરામ

નાટકનો ટુંકસાર તથા ગાયનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નકુભાઇ કાલુભાઈ શાહ.

માલેક—શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

પ્રસિદ્ધ કરવાનું છે.—તારદેવ બાલીવાળા ગ્રાન્ડ થીએટર-મુંબઈ.

આવૃત્તિ ૯ લી પ્રત ૩૦૦૦

સંવત ૧૯૭૩-સને ૧૯૧૭

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા

ધી "રાંદેર" પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યા

કીંમત રૂ. ૦-૨-૦ (બે આના.)

મુખ્ય પાત્રોનાં નામ.

પુરુષ વર્ગ.

પરશુરામ ... ...ત્રેતાયુગના પ્રારંભે જન્મેલા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર.

સહસ્રાર્જુન ...માહિષ્મતીનો ચક્રવર્તી રાજા.

જમદગ્નિ ... ...પરશુરામના પિતા.

દમન ... ...સહસ્રાર્જુનનો યુવરાજ.

રૂમણ્વાન... ...
વસુ ... ...
વિશ્વાવસુ ... ...
સુષેણ ... ...
} જમદગ્નિના પુત્રો.

સૌરભ ... ...યવતિનો પુત્ર, પરશુરામનો બાળ સ્નેહિ.

યવક્રિત ... ...સૌરભનો પિતા.

રામ ... ...વંગદેશનો રાજા.

જનક ... ...મિથિલાપુરીનો વિદેહી રાજા.

રામ ... ...પરમાત્માનો અંશાવતાર.

લક્ષ્મણ ... ...રામના ન્હાના ભાઇ.

કેશવરામ ... ...કાશીનો પંડીત અથવા વેદીયો ઢોર.

વલ્લભવ્યાસ ...કેશવરામનો પિતા.

મુળીયો ... ...કેશવરામનો નાનો ભાઇ.

હરીનંદ ... ...કેશવરામનો સસરો.

સ્ત્રી વર્ગ.

રેણુકા ... ... પરશુરામની માતા

સાલા ... ... સૌરભની પત્નિ

સૌદામિની ... ... સૌરભની બ્હેન

કુમુદવતી ... ... ભદ્રની વીરાંગના રાણી.

સીતા ... ... જનકની પુત્રી

અંબા ... ... કેશવરામની સ્ત્રી.

નર્મદા ... ... અંબાની સખી

ગોમતી ... ... કેશવરામની માતા.

પાર્વતી ... ... અંબાની માતા, કેશવરામની સાસુ

આ સિવાય સખીઓ, ક્ષત્રીઓ, દતાત્રેય, વસિષ્ઠ, કસ્યપ, વિગેરે ઋષીઓ, પિશાચો પૃથ્વી વિગેરે વિગેરે.

ॐ तत्सत्

ભગવાન પરશુરામ નાટકનો ટુંક સાર.

ભગવાન પરશુરામના પ્રપિતામહ ઋષીવર્ય ભ્રગુ મહારાજની ખ્યાતિ નામની પત્નીથી ઋચીક નામના પુત્ર થયા. એમનો આશ્રમ ગંગા કીનારે હતો એકવાર નર્મદા કિનારે ભ્રગુક્ષેત્રમાં પિતાને મળવા ઋચીક ઋષી આવ્યા. પિતાએ તેમને ગ્રહસ્થાશ્રમી થવાની આજ્ઞા કરી, એ ઉપરથી કાન્યકુબ્જ દેશના ગાંધી નામના રાજા પાસે આવી ઋષીયે કન્યાદાન માંગ્યું. ગાંધીએ શાપના ભયે યુક્તિથી કહ્યું; મહારાજ જે પુરૂષ સહસ્ત્ર શ્યામકર્ણ ઘોડા મને લાવી આપે તેની સાથે એ કન્યા પરણાવવાનું મારે પણ છે. આથી ઋચીકે વરૂણ પાસેથી તેવા ઘોડા મેળવીને ગાંધીને આપ્યા અને તેની સત્યવતી નામની કન્યા સાથે પરણીને તેને સાથે લઇ પિતાના દર્શન માટે પુનઃ નર્મદા કિનારે આવ્યા. સત્યવતીએ સેવા કરી ભ્રગુને પ્રસન્ન કર્યા અને પોતાને અને પોતાની માતાને એક એક પુત્ર માંગ્યો. ભ્રગુએ પુત્રકામેષ્ટી યજ્ઞનો વિધિ બતાવ્યો. પશ્ચાત્ સત્યવતી પતિ સહ પિતાને ઘેર આવી અને યજ્ઞ કરી ચરૂ પ્રાશન કર્યો, પરંતુ કન્યાનો ચરૂ માતાએ અને માતાનો ચરૂ કન્યાએ ભક્ષ કર્યો. આ ખબર ભ્રગુને પડતાં તેઓ ત્યાં આવ્યા ને કહ્યું પુત્રવધુ, તમે ઉલટા ચરૂ ભક્ષ કર્યાથી તમને ક્ષત્રિગુણી પુત્ર ઉત્પન્ન થશે, અને તમારી માતાને બ્રહ્મવેત્તા પુત્ર થશે. સત્યવતીએ વારંવાર પગે પડી

ક્ષમા માગતાં ભ્રગુએ કહ્યું કે ત્હારે પુત્રને બદલે પૌત્ર ક્ષત્રીધર્મને અવલંબવાવાળો થશે અને તારી માતાને બ્રાહ્મણધર્મી થશે. પછી સત્યવતીના પુત્રનું નામ જમદગ્નિ પાડ્યું અને ગાંધી રાજાના પુત્રનું નામ વિશ્વામિત્ર પાડ્યું.

ઋષીવર્ય જમદગ્નિ રેણુ રાજાની પુત્રી રેણુકાને પરણ્યા તેમનાથી તેમને ચાર પુત્રો ઉત્પન્ન થયા અને વૈશાખ શુદ ત્રીજના દિવસે મધ્યાન્હ સમયે સીંહ લગ્નમાં સાક્ષાત હરિએ અવતાર ધારણ કર્યો. આ પાંચમા પુત્રનું નામ ભાર્ગરામ-પરશુરામ પાડ્યું. તેઓ શંકર પાસે ધનુર્વેદ ભણી નર્મદા તટે તપસ્યા કરે છે. ત્યાંથી આ પ્રયોગનો પ્રારંભ થાય છે.



અંક ૧લો.

નાન્દી અને વસ્તુ સુચના.

પ્રવેશ ૧લો—સ્થળ નર્મદાતીર–નર્મદા તટપર ભગવાન પરશુરામ સમાધિસ્થ છે ત્યાં પાપના ભારથી ત્રાસેલી ભગવતી પૃથ્વી દેવી પ્રગટી, દુષ્ટોના નાશ માટે અને ધર્મના ઉધ્ધાર માટે તેમને વીનવે છે. અને તેમના પિતા જમદગ્નિપર સહસ્ત્રાર્જુનના હાથે થનાર અત્યાચારનો સાક્ષાત્કાર કરાવે છે. પિતાપર થતા બળાત્કારને જોઇને પિતૃભકત બ્રહ્મવીર પરશુરામ ત્યાંથી પીતાની તપોભુમી તરફ જવા નીકળે છે.

પ્રવેશ ૨જો—જમદગ્નિનું તપોવન–ઋષિદેવ જમદગ્નિના આશ્રમમાં શિકારે નીકળેલો અનૂપદેશની માહિષ્મતી નગરીનો સૂર્યવંશી રાજા ચક્રવર્તી સહસ્ત્રાર્જુન અચાનક આવી ચડે છે. જમદગ્નિ કામધેનુના પ્રતાપે તેનો અનેક પ્રકારે આદર સત્કાર કરે છે. કામધેનુના પ્રભાવને જોઇ મોહાંધ બનેલો સ્વાર્થી રાજા તેને મેળવવા માટે ઋષિપર અત્યાચાર કરે છે એટલામાં બ્રહ્મતેજ પરશુરામ આવી લાગે છે. અને પિતાના શત્રુ સહસ્ત્રાર્જુનનો વધ કરી નાંખે છે.

પ્રવેશ ૩જો—માહિષ્મતી નગરીમાં વલ્લભ વ્યાસનું ઘર–વલ્લભ વ્યાસ તથા તેની સ્ત્રી ગોમતીબાઇ પોતાના કાશીથી

પંડિત થઇને આવનારા પુત્ર કેશવરામ વિષે વાતચીત કરે છે એટલામાં કેશવરામ પંડિત આવી પહોંચે છે. વેદિયાઢોર કેશવરામને શાસ્ત્રના પ્રમાણનો લાગેલો વળગાડ, તેની વિલક્ષણ ચેષ્ટાઓ અને અંતે પોતાના નાનાભાઇ મુળીઆને સાથે લઇને વહુને તેડી લાવવા માટે મીથીલા નગરી તરફ જવા વિદાય થવું.

પ્રવેશ ૪થો—નર્મદા તીર-યવક્રીતના પુત્ર અને પરશુરામના બાળ સ્નેહી સૌરભનો પોતાની પત્ની સરલા સાથે શૃંગાર વિલાસ. જળ ભરવા માટે આવેલી પરશુરામની માતાના મનમાં ઉપજેલો મોહ. પત્નીના માનસિક પાપનું સમાધિમાં અવલોકન કરીને કોપાયમાન થયેલા જમદગ્નિનું આગમન. રેણુકાનો તેણે કરેલો તિરસ્કાર પોતાના ચાર પુત્રોને બોલાવી તેમની માતાના શિરચ્છેદના માટે આપેલી આજ્ઞા, ચાર પુત્રોએ તે આજ્ઞાનો અનાદર કરવાથી તેમને શાપથી ભસ્મીભુત કરવા અને પિતાના સામર્થ્યને જાણનારા પરશુરામે પિતાની આજ્ઞાને માથે ચઢાવી માતાનો વધ કરવાથી ઋષિની પ્રસન્નતા અને પરશુરામની પ્રાર્થનાથી સર્વ પુત્રો અને રેણુકાને પાછા સજીવન કરવાં.

પ્રવેશ ૫મો—મિથીલા નગરીમાં કેશવરામના સસરાનું ઘર—કેશવરામની સ્ત્રીની મદનાતુર અવસ્થા અને પતિ મીલનની પ્રબળ ઇચ્છા. કેશવરામનું પોતાના ભાઇ મુળાશંકર સાથે આગમન. શાસ્ત્રના પ્રમાણની હોળી અને સ્ત્રી પુજાનો વિધિ ઇત્યાદિ ઘોટાળા.

પ્રવેશ ૬ઠો—માહિષ્મતી નગરીમાં સહસ્ત્રાર્જુનનો મહાલય-સહસ્ત્રાર્જુનનો યુવરાજ દમન પોતાને ત્યાં અતિથિ તરીકે

આવેલા વંગદેશના રાજા ભદ્રસિંહના આદર સત્કારમાં નિમગ્ન છે, કળાવતીના નૃત્યગાન ચાલે છે, એટલામાં દુત આવી પરશુરામના હાથે થએલા સહસ્ત્રાર્જુનના વધના સમાચાર સંભળાવે છે. બ્રાહ્મણનો શસ્ત્રથી સંહાર કરવો કે નહિ એ વિષે દમનની શંકા, ભદ્રરાજાએ કરેલી બ્રાહ્મણ ધર્મની વ્યાખ્યા. અને અંતે પિતૃવધનો બદલો લેવા માટે દમનની દ્રઢ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૭મો—જમદગ્નિનું તપોવન—સહસ્ત્રાર્જુનનો યુવરાજ દમન પિતૃવધનો પ્રતિશોધ કરવાના નિશ્ચયથી જમદગ્નિના તપઃસ્થાનમાં આવે છે ચાને રેણુકાનું અત્યંત કલ્પાંત છતાં સમાધિ મગ્ન જમદગ્નિનું મસ્તક કાપી લઇ જાય છે. પરશુરામનું આગમન અને પૃથ્વીને એકવીસવાર નિઃક્ષત્રીય કરવાની તેની ભીષણ પ્રતિજ્ઞા !

પ્રવેશ ૮મો—સૌરભ ગૃહ–સૌરભ અને સરલાનો આનંદ વિનોદ પરશુરામનું આગમન અને પોતાની કરેલી પ્રતિજ્ઞા કહી સંભળાવવી. સૌરભની પોતાને એ કાર્યમાં સ્વીકારવાની માગણી અને યુધ્ધ માટે જવાની તત્પરતા, સરલાની સહાનુભુતિ, અનુમતી અને વિજયમાળા આરોપણ.

પ્રવેશ ૯મો—દમનનો મહાલય—દમનના અભિમાનની સીમા. જમદગ્નિના મસ્તકનું અપમાન, પરશુરામ તથા સૌરભનું આવવું અને વૈરની ભયંકર પ્રતિહિંસા ! દમન તેના કૌટુમ્બિક અને સૈનિક આદિ સર્વનો સંહાર અને મહાલયનું અગ્નિનારાયણને સમર્પણ !

પ્રથમ અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૬ઠો—સ્મશાનભુમિ—ભગવાન દત્તાત્રયના નિવાસસ્થાન સ્મશાનમાં આવી પરશુરામે પોતાની ક્ષત્રીય સંહાર માટેની પ્રતિજ્ઞા પૂર્ણ થવાનો આશીર્વાદ મેળવવો. અને માતાના સ્નાન માટે બાણ મારી પૃથ્વીમાંથી ગંગા પ્રવાહને પ્રકટ કરી ત્યાં માતાનું સતી થવું માતૃપ્રેમ મુગ્ધ પરશુરામના કલ્પાંતથી પુનઃ માતૃ દર્શન અને ઉપદેશ.

પ્રવેશ ૨જો—મિથીલા નગરીમાં કેશવરામના સસરાનું ઘર—કેશવરામનું પોતાની સ્ત્રીની સખી નર્મદાપર આશક અને સર્વ 'બ્રહ્મમય જગત' નો ઉંધો અર્થ કરી તેણે ઉપજાવેલો ઘોંટાળો. પાછળથી અંબા નર્મદાએ એ વેદિયા ઢોરને કોઇ યુકિતથી ઠેકાણે લાવવાને કરેલો વિચાર અને મુળીયાનો તે બધું જાણવાથી ઉભરાયેલો આનંદ.

પ્રવેશ ૩જો—વંગદેશની રાજધાનીમાં ભદ્રરાજાનો મહાલય—દમનના પરશુરામને હાથે થયેલા નાશની દુતદ્વારા ખબર મળવાથી ભદ્રરાજાની પરશુરામને મારવા માટેની તત્પરતા, રાણીનું વીરતાદર્શક ભાષણ, પ્રતિહિંસાના પ્રારંભ તરીકે બ્રાહ્મણોપર તેનો અત્યાચાર પરશુરામનું આવવું, રણભૂમિમાં ભદ્રને મારવાનો વિચાર કરી પરશુરામનું જવું.

(७.२३२

પ્રવેશ ૪ થો-મિથિલા નગરીમાં કેશવરામના સસરાનું ઘર—કેશવરામને બનાવવા માટે પુરૂષ વેષધારિણી નર્મદા અને અંબાના કૃત્રિમ પ્રેમનું નાટક, મુળીયાના હાસ્યોત્પાદક વિચારો, કેશવરામનું આવવું અને પોતાની સ્ત્રીને પરપુરૂષ સાથે પ્રેમ કરતી જોઇ કોપવશ થવું. અંબા અને નર્મદાના દાંતતોડ જવાબો, અંતે કેશવરામે યોજેલો તેના નાશનો ઉપાય.

પ્રવેશ ૫ મો—સરલાનું ઘર—પતિ વિરહે મુંઝાયલી સરલાનું આગમન અને વિરહ દશા, ભદ્રરાજા તથા સૌરભના પીતા ચવક્રીનું આવવું પરશુરામના પક્ષમાંથી સૌરભને છોડાવવાનો સંકેત, બાદ સૌરભનું પિતાની ગાદીથી આવવું, સૌરભને સમજાવવું ના સમજવાથી સૌરભનું કેદ થવું.

પ્રવેશ ૬ ઠો—વંગદેશની રાજધાનીના દુર્ગદ્વારનો દેખાવ—દુર્ગદ્વારપર બ્રાહ્મણોનાં મસ્તકોનાં તોરણો બાંધેલાં છે અને ભદ્રે પોતાનો આનંદ માંડેલ છે. કેદ કરેલા સૌરભને પરશુરામને પક્ષ તજી દેવાને સમજાવવા હજુરમાં બોલાવે છે. બાદ વિવાદના અંતે સૌરભને દેહાંત દંડની શિક્ષા અને શુળીપર ચઢાવી દેવા આજ્ઞા. અચાનક નારદના વેશમાં સરલાનું આવવું અને સૌરભને શીપાઇના વેશમાં નસાડવો. ભેદનો પ્રકાશ, સૌરભને બદલે સરલાને સુળીએ ચઢાવવાની તૈયારી, પશુરામનું આગમન, સરલાનો બચાવ, ભદ્રરાજાનો નાશ અને રાણીએ આવી પતિનું વેર વાળવાની કરેલી પ્રતિજ્ઞા. **રૅબ્લો.**

—◇⊙◇—

અંક ૩ જો

પ્રવેશ ૧ લો—ભદ્રરાજાની રાણીનો દરબાર—ભદ્રરાજાના પરશુરામના હસ્તે થએલા ઘાતનો બદલો લેવાની રાણીની ભીષણ તત્પરતા. મુકુટ ધારણ કરી ક્ષાત્રીય સ્ત્રી તથા બાળકોની રણભુમિમાં જવા માટેની આકાંક્ષા અને તેમની વીરતાનો પરિચય. પરશુરામના દૂતનું સમાધાન કરવા માટે આગમન, રાણીનો તિરસ્કાર, લડાઇના વિચારની દૃઢતા અને ગમન.

પ્રવેશ ૨ જો-જંગલ— સૌરભ અને સરલાનો પ્રથમ મિત્ર તરીકે વિનોદાત્મક સંવાદ, પછીથી સરલાનું પોતાના સત્ય સ્વરૂપમાં પ્રગટ થવું. પતિ પત્નિનો મેલાપ અને આનંદની સીમા.

પ્રવેશ ૩ જો-મિથિલા નગીરીમાં જનકરાજાનો મહાલય:—સીતા સખીઓ સાથે રમતમાં, રાજા પ્રજાની રમત, પરશુરામનું આવવું અને જનકની વિદેહિત.ને જોઈ પ્રસન્ન થવું. સીતાના અદ્દ્ભુત પ્રભાવને જોઇ ત્રંબક ધનુષ્ય આપી જે પુરૂષ એ ધનુષ્યનો ભંગ કરે તેનેજ સીતા આપવી એવી જનકને આજ્ઞા આપી વીદાય થવું.

પ્રવેશ ૪ થો—મિથિલા નગરીમાં કેશવરામના સસરાનું ઘર ભાર્યા રુપવતી શત્રુ: એવું શાસ્ત્રનું પ્રમાણ કાઢી કેશવરામ પોતાની સ્વરૂપવતી સ્ત્રી અંબાને કાણી કરી નાંખે છે અને

ત્યાર પછી આંધળી કરે છે. કોલાહલ અને કેશવરામને મારીને રાજા પાસે લઇ જવો.

પ્રવેશ ૫મો—રણભૂમિ-ભદ્રની રાણી, સ્ત્રી સૈન્ય અને પુરૂષ સૌએ વીરવેશમાં આવવું, પરશુરામનું આગમન અને રણરંગ વીરનારીનો રણમાં પરિપાત અને પરશુરામનો આશીર્વાદ.

પ્રવેશ ૬ઠો—જનકરાજાનું શયન મંદિર-કેશવરામનું આવીને ખુણામાં સુઇ જવું. તેના સસરા, સાસુ, અંબા. નર્મદા અને મુળિયા વગેરેનું આવવું. ફરિયાદ, કેશવરામની મુર્ખતા જોઇ જનકે તેને આપેલી ક્ષમા, અને અંબા પ્રતિ બતાવેલી ઉદારતા સીતાના હસ્તસ્પર્શથી અંબાને દ્રષ્ટિપ્રાપ્તિ. કેશવરામની બુધ્ધિની શુધ્ધિ અને આનંદ.

પ્રવેશ ૭મો—સીતાનો સ્વયંવર મંડપ-ત્રંબક ધનુષ્યનો ભંગ થવાથી કોપાયલા પરશુરામનું આવવું પરશુરામને લક્ષ્મણ વસિષ્ઠ અને વિશ્વામિત્ર આદિનો સંવાદ, પરશુરામ તેજહરણ શસ્ત્ર ત્યાગ, રામાવતારનો સાક્ષાત્કાર, પરશુરામના હસ્તે સીતા અને રામનો હસ્ત મેળાપ **આનંદ આનંદ.**



પરશુરામ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર-નટી—

હરી ૐ પ્રભુ પ્રગટ થાઓ,
આવો આવો ઉગારો.
તારૂં........................ધર્મ વચન આપ્યું.
કરવા કાજ અવસર આજ તે પણ પાળો.
શરણે શિર સ્વ
ચરણે આશ સઘળી
પુરજો, પાળજો, પરિબ્રહ્મ હે હરી,
સ્વાર્થ સિંધુમાં વ્હેતો
બ્રહ્મ ધર્મ તે ઉગારો, કર્મ યોગને પઢાવો-આવો૦

નટીઓ—

દીન જન કર ધારી ઉદ્ધારો જગ સ્વામી
જગ સ્વામી બહુ નામી (૨)
ગણી શરણાગત તારો સ્તુતીએ શીર નામી
પડયું, પડયું, મર્યું, મર્યું નષ્ટ વિનષ્ટ થતું.
ભારત કર્મનું દુઃખ પામી
શરણને જાણી
અંતર જામી
આવો, સ્વામી...............દિન૦

મુળશંકર— ૧

કહો પોથાંના થોથાંમાં ગોથાં ખાવા,
તે શું બોથાં બને માન ભારથી.
ભણેલો મરે, ના ભણેલો મરે,
તો ભણ્યો ના ભણ્યાથી શું મ્હારથી. કહો૦
મને મારા ગુરૂએ શીખવી આ વાત,
કે ન કરશો ભણ્યા કેરી ઝાઝી પંચાત—કહો૦
ગુરૂ ગયા જ્ઞાન આપી મરીને, ચેલા રહ્યા માથું ફોડી કરીને,
ભણ્યો માંગે ભીખ ગણ્યો પુજાય,
જાણે દુનીઆને છે તેજ ડાહ્યો.
અકલથી આગ્રડત સાચી એ મતી. કહો૦

મુળશંકર-કેશવરામ— ૨

વેદ વિદ્યા સાચી, રાખી નહી કાચી
ષડ દરશન, તન મન ધન અર્ચી લીધાં વાંચી
અઢારે પુરાણો શાસ્ત્રનાં પ્રમાણો
લીધાં જાણી બધાં તે તે તે. વેદ૦
માનું વચન [illegible] જો તમે બતાવો
આ વાક્ય શાસ્ત્રનાં પ્રમાણો
આ કામો જ ખાવાનાં છે ભાઈ
ખરી બુદ્ધિની છે આ કમાઈ

બનવા પંડિત હજી ભણુ ભણુ ભણુ
શાસ્ત્રના પ્રમાણુ સાથે વાત ગણુ ગણુ ગણુ—વેદ૦

સુળશંકર—   3

શાસ્ત્ર પ્રમાણોના ઘમસાણો જોઈ ખુશી થાશું
એ રહેશે એની લપમાં ને સહુ માલ અમે ખાશું
વહુવર વચ્ચે ધંધ લગાડી અળગા થઈ જાશું
જો વરઘોડો ચડશે તો ગીતો પણ ગાશું
જો વહુવર લે લાકડીઓ
                તો હું દઉં વચ્ચે હુડીઓ
આ ભોગળ ભટજીનો ત્યાં ઓચ્છવ થાશે બંદા હરખાશે
મૂર્ખ શાસ્ત્રીની ઉઘાડી થાશે પોલ સાથે સાથે
મોટે હાથે તગડધીનાં કરીને ધમકાવીશું ઢોલ.

સરલા-સાહેલીઓ—   ૪

ગરબો.

વારી બ્હેન વ્હાલા બલિહારી બ્હેન વ્હાલા
                લાગે નણુદલ વીરા—
અવનિ સ્વર્ગ કે પાતાળે, શોધી જુઓ સર્વમાંહી
પ્રિયતમ સમ અવર સુખ મળશે નહિં ક્યાંહી.
નાવિક નારી વ્હાણુ તણો ગુણીયલ રસખાણુ ગણો
ભાવે ભગવાન ભણો સ્વામીજી હૈયાના હીરા—

અમર નારી બને અધરામૃત પી પતિ અમરસંગ પ્રીતીનું
આ તન પ્રેમરસે ઝીલવી નિત નુતન લે સુખ કામ રતિનું–
પતિ ગુરૂ પતિદેવ પ્રભુ પતિ સ્થાન ગણો સતિ શ્રેષ્ઠ ગતિનું
જીવનને તજી અન્ય ભજે ફટ જીવન ફોગટ તે જુવતિનું–

ધન્ય તે સુભાગિ સતિ નારનેરે લોલ
કરતી પતિ દેવ સેવ ભાવે ગુણુ ગાવે દીપાવે
અવતારનેરે લોલ.
એવા દેવાંશીના દેદારનેરે લોલ
તલસે સુર સર્વ મળી ટોળે મુખ બોલે કલ્લોલે
જયકારનેરે લોલ.

વેગ ભરી સરીતા વ્હેતી અતિ ભાવથી સાગરમાં
ભળવાને.
તેમ આ ભોળી નવલ વધુ આવી વર નવલ
સ્નેહ મળવાને.
વાસ સજી પતિ વાટ જુવે, રતિરંગ તરંગ રસે
ઝીલવાને.
તું ખીલી ચંદ્ર થકી રજની તેમ લાગશે આ સજની
ખીલવાને.

આલી હમણાં પ્રીતમજી પધારશે
વ્હાલા વ્હાલથી પ્રમોદને વધારશે
ધરિ માનતાન કરશો વધુ વ્હાલ
મણિ લેશે હોંશે રંગત રસ રાજનીરે—વારી૦

સરલાને સાહેલીઓ— ૫

અરે હાંહાં જરા ધીરે ખેંચો ભ્રકુટી કમાન
અરે જાઓ કરો શાને ઘેલી અડપલાં આમ
ધરી ભ્રકુટી કમાને, ઝેરીલાં નયન બાણે
સાંધો સહાગી સ્નેહીને સંધાન—
જાણું શું હું બાળા ભોળી, કરો શાને આ ઠઠોળી
જાણું શું હું તીર શું કમાન ?
થઇ ભોળીને અજાણી, ભ્રકુટી કમાન તાણી
મોહીની મારે શા મોહબાણ—

સૌરભનો સરલા—

જાઓ ઠગારા, કામણગારા, રસીલીના રસરાજ,
ના કરો કાલા, ચાતુર ચાળા, થઇને કાલા, મદઘેલા
મહારાજ
મન ભાવે શું રોહું હલાવો,
જુવતિપર શું જોર જણાવો,
હવે માનો અરે નહીં નહીં,
શાણી શું શરમ ય
ના...............જાઓ જાઓ,
તુટે પ્રીતી દોર, તાણ્યે કરી જોર
આવો ચિત ચોર, ગાંઠુ એ દોર—જાઓ—

અંબા—　　　　　　　　૭

આવો આવો છબીલા છોગાળા કરો કેમ ચાળા,
છળો શાને બાળા, છળો શાને બાળા,
ભેટી વ્હાલા કરો શાંત આવી વિરહે સતાવી દીવાની બનાવી
નારી તરસાવી બાળો શાને ઠાલા　　　આવો૦
મમ દશા કેવી થઈ ગઇ આ પ્રેમના પંથે પડી
કે જેમ હરીણી દીન સુંદર શબ્દના નાદે ચડી
તે શબ્દ સુંદર દુરથી હરિણી હૃદય મોહાવતો
છે પાસ તોએ હાય રતિના રાસથી તરસાવતો
હાં, હાં, હાં,　　　　　　આવો આવો૦

અં-કે-મુ-સા-સ—　　　　૮

મુરખો સસરો મુરખી સાસુ સ્ત્રી [illegible]ન શું સમજે
બસ તું સાચી મુજ મનહરણી, આ અંતરમાં રમજે
આ શાસ્ત્રીને આ શાસ્ત્રાણી વાહ ભાઈ વાહ
કેમ ભઈ કેમ
એમ ભાઈ એમ
આ શાસ્ત્ર પ્રમાણુ બન્યું કંઇ નવ સમજાય
આગળ જો જો કે શા ગોટાળા થાય
હું તો હાય મરૂં શરમાઇ મુરખો મળ્યો આ જમાઇ
મુરખો તું ને તારો બાપ સસરા
વાહ, ભાઇ વાહ;　　　　　　મુરખો૦

વારાંગના— ૯

મુરતીયા તીહારી પ્યારે બસી મોરે મનમેં
બસી મોરે મનમે દેખ ભઈ હું અધીનમેં—મુરતી૦
જાદુ ભરી સીકારી ભવેં હય તીરછી,
લગી બાંકી નજરીયાંકી હાય બરછી—મુરતી૦
સોહે મહારાજકો ચંદ્રવદન વા
જનુ આયે અવનીપે અવર મદ૦ વા—મુરતી૦

દમન— ૧૦

મારૂં, મારૂં, મારૂં, મારૂં, દુશ્મનને રે [illegible],
અસિ ધરૂ હણું, અરી રણ મહી ક્ષણ મહી
જાશે કયાં છુટી એ ક્ષત્રીની લજ્જાને લુટી
પાપીને કાપી..........................શીક્ષા આપી
અરિ વધ કરી થશે શાન્તી આ દમનને—મારૂં૦

સરલા— ૧૧

ચડયું ડોલે હીંડોળે ઘેલું જોબનું
ભરી મદ નયન માંહ્ય,
ઉર મીઠી મીઠી લહેર જણાય,
ના સમજાય, શું એ થાય અવનવું—ચડયું૦
રસ ઝરણુ ઝરી ભીંજાવે,
જાણે જગત સુધા વરસાવે,
ઝીલતાં એ રસસાગર ભાવે,

તૃપ્તી હૃદયમાં નવ આવે.
રસબસ બની, ટાળી ભેદ, કરી અભેદ;
ઝીલશું જીવન તનુ— ચડ્યું૦

સરલા-સૌદામીની— ૧૨

નાથ નામ લાખ કોટીથીએ અધીક છે,
કહી ના શકાય તોએ એક તે—
સૂર્ય ચંદ્ર અમૃત કહું તોયે ઓછું છે,
આઠ સિદ્ધિ નવે નિધિ કહેતાંએ ન્યુન છે,
અજબ એ પ્રીતમ છે. એક તેજ એ છે,
રૂપમાં ગુણમાં કોઇ ના સમાન ના સમાન
આડું બોલી શાણી શાને તું ઉડાવે,
કાળજડે કહેતાં કાંઇ કાંઈ થાએ,
વહુજી શું વરના નામે શરમાએ,
ના નહી કહેવાય શી ઓશીઆળ છે.
ત્યારે હું જાઉં છું.
ના ના હું કહું છું.
ચાલો ઝટ બોલો
.......સો.......ર........ભ.
ને....હે હે હે હે.......બસ—

સરલા-સૌરભ— ૧૩

જાઓ જાઓ સલુણા ન સતાવો
બાળા ન બ્હીવરાવો જોઈ એકલી એકાંતમાં
આવો આવો સુંદરી ન શરમાઓ
લઈ લો રંગ લ્હાવો રસીલી જરી ખાંતમાં
જોબન ગુલાબ ખીલ્યું બે ઘડી લાગશે
નર ભ્રમરજી રસ ચુસી ભાગશે
કોરે કાષ્ટ તે કળીમાં તન તાપશે
નર ભ્રમર તો દેહ પ્રાણ આપશે
તો તો આવે ભેટો સ્નેહ સુજાણ ભ્રમર
ચલો વ્હાલી મ્હાલો હવે નિરાંતમાં—જાઓ૦

સૌરભ-સરલા— ૧૪

સીધાવો પ્રીતમ પ્યારા જીવન શૃંગાર મારા
કરી વિજય રણ રંગ વરીને કીર્તિ સંગ
વળજો વ્હેલારે વાલમજી—
અરપું હેતે જયમાળા ધારો કંઠે રઢિઆળા
દીધો ઉત્સાહ વધારી વાહવાહરે વીર નારી
સમજે સ્મરોત્સવ શુરા, ધન્ય ધીર વીરવર પુરા
કરું ગમન હવે બાળા, સુખેથી સ્વામી વ્હાલા
રહે પ્યારી ધીર ધારી, હો દેવો સ્હાય તારી—સીધાવો

કુંચનીઓ— **૧૫**

મોરે પ્યારે હાં મોહનજીરાજ પોઢો મતવારે
નિંદયન ભરે નયનાં કારે ન્યારે નીકે જાદુગારે
મંદ ચમકત જયસે ઘનબીચ તારે
ફુલ સેજરીપર, છિડકું અતર ભરે
પાયન પલોહું ઢોરૂં સમીર ઝુખારે
સગરી રતીયાં રહું. નિકટ તિહારે



અંક ૨ જો.

રેણુંકા— ૧૬

રેરે પ્રીતમ પ્રભુ ગયા સાથ છોડી
દુષ્ટે દઈ દંશ જોડીને તોડી— ૨૨
ગયા હા ગયા અર્ધાંગ ત્યાગી
મુજ સુહાગી વર વીરાગી
ન જીવશે હવે આ નારી અભાગી
થાશે સતી કરી એ પતી આગી
આવીને સ્વર્ગે મળીશ સ્વામી દોડી—રેરે

કે-ન-મુ— ૧૭

પ્યારી ગોરી ગોરી ભોળી ભોળી મોહીની
મધુરી છબી જોઈ તારી મન મલકાય
બંધુ મુજ ભાન ભુલાય, ભાળી સુંદર કોમળ કાય,
નાથ ધારી ભેટો બાળા, થાઓ કેમ ઘેલા કાલા,
આવા કરતાં ઓટાળા કયમ શરમ ન થાય જરાય.
થઇને હરિશ્ચંદ્ર શ્યામા રસીલી,
તું ચુંબન સુધારસ પીવાડી દે માનથી
જાઓને પંડિતજી શાને સતાવો
પાલો પડયો મારો કેવા નાદાનથી

વાહવા વાહવા
થયા બ્રહ્મ પુરા ભાઇ શાસ્ત્રનાં પ્રમાણ ભાઇ
પણ માને નહીં બાઈ કહો સંઘ કાશી કેમ હવે જાય.

સુળીઓ— ૧૮

વાહરે ગમત વાહરે ગમત, કેમ સુધરશે કેશવભાઇ
આ ખચ્ચર શું અબલખ બનશે જખ મારશે અંબામાઇ
કાલે જ્યાં વહાણું વાશે, કે ઠોંસાબાજી થાશે.
આ સુળીઓ હરખાશે, ને સહુને પાણી પાશે.

સુળીઓ— ૧૯

કેવા ઉલ્લુ બન્યા ભાઇ વાહ વાહ વાહ
ગઈ ઉડી કયાં પંડિતાઈ વાહ વાહ વાહ.
નારી ચરિત્રને પ્રભુ ન જાણે
તો પછી વેદીઓ કયાંથી પ્રમાણે
ભાઇના માથાની ભાભી મળી છે આ—ઉલ્લુ૦
કેશવ રાભાને અંબા છે રાભી આ,
જેવા ભાઈ મારા તેવી ભાભી આ
વારી બલીહારી તારી ચતુરાઇ.
પાકી પઢાવેલી ચેલી ગુરૂની
જોડી મળી ગાભા ગાભીની ખુબ આ—ઉલ્લુ૦

સરલા— ૨૦

આવો આવો મ્હારા મનડાના મોહન
આવો તો ડોલું થઇ હર્ષ ઘેલી;
બલિહારી ગાઉં ઉમંગે રેલી,
વ્હેચું સાકર વાલમ વ્હેલી વ્હેલી—આવો આવો૦
ક્ષણ ન ભુલું હું જીવ જતાં એ
વિસર્યાં વચન કેમ વ્હાલાએ
છોજી સુજાણ પ્રિતમ પ્રાણ
તો એ શું નાથ છોડી સંગાથ
કરી અનાથ—આવો૦

સૌરભ— ૨૧

કાંઇ નથી યશ કેરી પામી,
પીડ રહી તોય અંતરજામી—કાંઇ૦
અનુકંપાને જીવન ગણતા,
તે બ્રાહ્મણ ક્ષત્રિયને હણતા.
ક્ષત્રિય મારે વિપ્ર નિહાળી
ધર્મ અધર્મ ન શકાય પામી—કાંઇ૦

સરલા—   ૨૨

પ્રભુ તું થાજે આ ભવ સીંધુ માંહી માર્ગ મુક્તાની
મેં તુજ આશે કરી નહિ દરકાર વિષમ મોજ
જન કાષ્ટની નાવથી ઉતરશે
પથ્થરની નાવથી સહુ મરશે
પણ તુંજ તાર્યે પથ્થર તરશે—પ્રભુ
તુજ મ્હાતું એક રહ્યું મારે
મુજ દોરી હાથ દીધી તારે
હવે મ્હાય ડુબાડે કે તારે—પ્રભુ

અંક ૩ જો.

રાણી— ૨૩

ધિક્ક છે ધિક્ક નફ્ટ જીવ જે
ફોકટ ભારે જનનની મારે
સ્વાર્થમાં નિજ ધર્મ બોળે
મુર્ખ મમતા માંહી ડોલે......ધિક્ક
નિજ જીવન માટે જાતિ ડુબાવે
ધર્મને મારે સત્ય સંહારે
ફ્ટ હરામી જે રણુથી ન્હાસે
મરણ જોઈને ભયથી ત્રાસે.......ધિક્ક

સૌરભ— ૨૪

થાય બધું શું આરે વિપરીત
બહાદુરોની બુદ્ધિ, તજે શું હા શુદ્ધિ
ક્યાંથી રિદ્ધી રહે, જ્યાં કાળો કલેશ નિત્ય થાય-બધું
પ્રિયાનો વિયોગ તાપ
ધર્મ ભંગ ભય અમાપ
પડયો સંકટે......................
વૈરનું ધ્યાન રહે ન ભાન
ગાન કેવું જગતનું અને તાન—બધું

સૌરભ-સરલા— ૨૫

આજ ઉગ્યો ઉરમાં આનંદ કેરો ભાણ,
સ્નેહઘેલી ભામાને ભેટયા સુજાણ,
મળતાં સ્વામી સર્વસ્વ સુખ પામી,
વિયોગ દુઃખ વામી
લેશું પ્રિતી લ્હાણુ.................આજ૦
સાચાની સાહ્ય અંતે કીધી પ્રભુએ
ભવ દરિયે તાર્યું જીવન વ્હાણુ
પ્રગટ મોહન દર્પ થાતાં છલકાય હર્ષ
ઉરમાં પુરણ પ્રિતમ સૌરભ પ્રાણ આજ—

સીતા-સાહેલીઓ— ૨૬

આલીરી આજે રમીએ રાસ હળીમળી
હર્ષધરી મદભરી લઈએ તાળી લળીલળી
રંગ રેલીએ કરીએ કેલિ અલબેલિ સખિ હાં........
હાસ્ય પ્રમોદે વિકાસતી ઉર કળી
ગાવો ત્રય ગ્રામથી સામ સંગીતને
સારે ગગ રેગ મપ ગમ પપ (૨)

ગપ ધધ પધ નીની ધની સાસા
તાલ તાન સુરગતિવતિ, વળી, રહે સંગ
ધુન મૃદંગની ભળી.
થુન થુન તક, થુન થુન તક, દીગ, દીગ
તાગે તનનન
ધાત્ર, ધાત્ર, ધાત્ર, ધાત્ર, કિડાન્ધા કિડધા
કિડાન્ધા કિડધા, કિડાન્ધા કિડધા

સીતા-સાહેલીઓ— ૨૭

સેવા સેવકની લો સ્વિકારી-અરે હાં હાં હાં
ૠષિરાજ દયાળુ સૌના સ્નેહિ વિદેહિ કેરે મંદિરીએરે
જગપાવન પ્રેમથી પધારો મહારાજરે
વિનતી અમારી સુહિતકાર
તમથી ભવ તરીએરે—સેવા૦
ખટરસ ભોજનીયાં લાવે પિરસું જે મનને ભાવે
ભાવના ભુખ્યા છો નાથ હરી
લેજો અંતર વિચારી તમને પ્રભુજી શું
નવનવું ધરીએરે—

ષોડષ વિધિ પુજન રચાવું
ચરણોદક શિષ ચડાવું.
ઉજ્વલ યશ ગાવું પ્રિત આણી જોડીશું
પાણી. જાણી ત્રિભુવનના સ્વામી
સ્વાગત શું કરીએરે—સેવા૦

હરી. પા. ફે. સુ.— ૨૮

ઉંધી બુદ્ધિના પાજી જો મઝા હવે બચાજી
એવો ખડદાળો કાઠો નવ રહે પાંસલી એકે સાજી
જોડો ઘસું છું નાક
ખવડાવો મેથી પાક
હે તડી, ક્યાં ગડી
છટકામાં આવ્યો ઉદર
શિર ટાલ પડી ગઇ જબ્બર
જે વાવ્યું તેજ લણાય, એ છે ન્યાય
પ્રમાણ છે પ્રમાણ છે આ શાસ્ત્રનું પ્રમાણ છે.

અંબા-કેશવરામ— ૨૯

ગયો દુઃખનો પ્રસંગ, થયો સુખનો વિકાસ
હવે સંસારે કરશું, આનંદે વિલાસ

પ્યારી ચંચલ, છે તારી ન્યારી છલબલ
શરીરે હૃદય કોમળ, ન વખણુથી કામ હયો—ગયો૦
મનને સાફ કરી દે, મને તું માફ કરી દે
વદો વાણી ન નકામી, મને શરમાવવા સ્વામી
ખરૂં સુખ આજ હું પામી, પતિ ચરણોમાં વીરામો.
પ્રિય સુંદર નટવર કિંકરી કરધર
ઠર અમ શિરપર ધર વિભુ અઘહર—દુઃખનો પ્રસંગ૦

સમાપ્ત

જાહેર ખબર

નીચે લખેલાં પુસ્તકો શ્રી આર્ય નૈતિક નાટક સમાજને મુકામે જ્યાં હોય ત્યાંથી મળશે. માટે જેઓ સાહેબને જોઈતાં હો તેઓએ રોકડી કીમતે મંગાવી લેવાં. વી. પી. થી મોકલવામ આવશે નહીં.

ચોપડીના નામ			કીમત. રૂ. આ. પા.
૧. આર્યવિજય નાટકનાં ગાયનો...		...	૦–૨–૦
૨. અમર યોગીંદ્ર...	...	...	૦–૨–૦
૩. બાદશાહી હીર્સ...	...	...	૦–૨–૦
૪. પ્રતાપી પ્રેમિલા (ભાષણ સહિત)...		...	૦–૬–૦
૫. ચિતોડનો કરણ	,,	...	૦–૮–૦
૬. કામલતા	,,	...	૦–૮–૦
૭. સત્યવાદી હરિશ્ચંદ્ર	,,	...	૦–૮–૦
૮. વસુંધરા યાને બેધારી તલવાર નાટકના ગાયનો			૦–૨–૦
૯. બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર	(આવૃત્તિ ૩જી)	...	૦–૨–૦
૧૦. સરોજની	(" ૨જી)	...	૦–૨–૦
૧૧. પરશુરામ	(" ૮મી)	...	૦–૨–૦
૧૨. ઇન્દ્રાવતી	(" ૫મી)	...	૦–૨–૦
૧૩. સરસ્વતી ચંદ્ર	(" ૮મી)	...	૦–૨–૦
૧૪ સતી તોરલ	(" ૪થી)	...	૦–૨–૦
૧૫. પુત્રરત્ન પુંડલીક	(" ૩જી)	...	૦–૨–૦
૧૬. સતિ પદ્માવતી જયદેવ	(" ૨જી)	...	૦–૨–૦
૧૭. સૂર્ય કુમારી	(" ૫મી)	...	૦–૨–૦

માલેક,

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.